ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા. ૧૯.૦૪.૨૦૧૯

**શ્રી નરેન્દ્રભાઈ મોદી ભાજપાના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નક્કી છે, જ્યારે સામે પક્ષે વરરાજા વગરની જાન છે**
**- શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-------------

**કોંગ્રેસ વખતે સરપંચોને ઉપાધિના ઘર તરીકે ઓળખવામાં આવતા હતા, જ્યારે આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં નાનામાં નાની વસ્તુ જે ગામડા સાથે સંકળાયેલી હોય તે સીધી સરપંચ સાથે સાંકળવામાં છે. એટલે કે, સરકારની અનેકવિધ યોજનાઓને આગળ ધપાવવાનો સાચો સારથી સરપંચ બન્યો છે**
**- શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-------------

**કોંગ્રેસના શાસનમાં ક્યાંક ક્યારેક અઢી કિલોમીટરનો રોડ ખાલી મંજુર થતો ત્યારે ધારાસભ્યોના જશ ખાંટવા છાપમાં જાહેરાતો આપી લેતા, આજે ભાજપાની સરકારમાં દેશમાં ગામડે-ગામડે પાકી સડકો-શુધ્ધ પીવાનું પાણી,અને ૨૪ કલાક વીજળી પહોંચાડી દીધી છે, છતાં આ વાંકદેખી કોંગ્રેસને આ દેખાતું નથી**
**- શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-------------

**કોંગ્રેસ ધ્યાનમાં રાખે કે, હજી અમારે આ જનનાયક શ્રી નરેન્દ્રભાઈ મોદીની છત્રછાયામાં એટલે કે તેમના સક્ષમ નેતૃત્વમાં બીજી આવી પાંચ ઈનિંગ રમવાની છે એટલે કે હજી તો ઘણા વર્ષો સુધી લોકસેવાના કાર્યો કરવાના છે**
**- શ્રી પરસોત્તમભાઇ રૂપાલા**

-------------

આજરોજ કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઇ રૂપાલાએ જામનગર લોકસભામાં જામખંભાળીયા ખાતે આયોજિત જંગી જાહેર સભાને સંબોધન કર્યું હતું.

શ્રી રૂપાલાજીએ જનસભાને સંબોધતા જણાવ્યુ હતુ કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી ભાજપાના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નક્કી છે, જ્યારે સામે પક્ષે વરરાજા વગરની જાન છે. અત્યાર સુધી કોંગ્રેસમાંથી વડાપ્રધાન પદના દાવેદાર તરીકે જેનું નામ છાનુંછુપું ચાલતું હતું ત્યારે શરદ પવારજીના નિવેદન મુજબ રાહુલબાબા તો વડાપ્રધાન પદની રેસમાં જ નથી.

જે પાર્ટી એ ૬૦ વર્ષ આ દેશમાં શાસન કર્યું, જે પરિવારમાં ૫૫ વર્ષ સુધી વડાપ્રધાન પદ રહ્યું, એ પરિવારનો મોભી અત્યારે ઓલ ઈન્ડિયા કોંગ્રેસનો પ્રમુખ હોય અને એવી વ્યક્તિ હિન્દુસ્તાનની ચૂંટણીમાં વડાપ્રધાન પદની રેસમાં છે કે નહીં તેઓ કોંગ્રેસવાળા બોલી પણ શકતા નથી.

આ ચૂંટણીના પરિણામો આવવાના છે એના ઉપરથી એવું લાગે છે કે કોંગ્રેસ એક પ્રાદેશિક પક્ષ થઈ જશે. આ તબક્કે જનતાને યાદ કરાવવું જરૂરી બને છે કે, આ એ જ શરદ પવાર છે કે જેઓએ સોનિયાબેનને વિદેશીકુળનો મુદ્દો ઉઠાવીને વડાપ્રધાન ન થઈ શકે તેવું નિવેદન આપેલુ, આજ શરદ પવારજીએ આ વખતે રાહુલબાબા પણ વડાપ્રધાન પદના ઉમેદવાર નથી એવું જાહેર કરેલ છે. દેશના મતદારોમાં કોંગ્રેસના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જે નાની-મોટી શંકા-કુશંકા હતી તે શરદ પવારજી એ દૂર કરી દીધી.

શ્રી રૂપાલાજીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના શાસનમાં ક્યાંક ક્યારેક અઢી કિલોમીટરનો રોડ ખાલી મંજુર થતો ત્યારે ધારાસભ્યોના જશ ખાંટવા છાપમાં જાહેરાતો આપી લેતા, આજે ભાજપાની સરકારમાં દેશમાં ગામડે-ગામડે પાકી સડકો-શુધ્ધ પીવાનું પાણી,અને ૨૪ કલાક વીજળી પહોંચાડી દીધી છે, છતાં આ વાંકદેખી કોંગ્રેસને આ દેખાતું નથી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કોંગ્રેસ વખતે સરપંચોને ઉપાધિના ઘર તરીકે ઓળખવામાં આવતા હતા, જ્યારે આજે શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં નાનામાં નાની વસ્તુ જે ગામડા સાથે સંકળાયેલી હોય તે સીધી સરપંચ સાથે સાંકળવામાં છે. એટલે કે, સરકારની અનેકવિધ યોજનાઓને આગળ ધપાવવાનો સાચો સારથી સરપંચ બન્યો છે. કોંગ્રેસના શાસનકાળ દરમિયાન ગ્રામ પંચાયતને ગામના કોઇપણ વિકાસ કાર્ય જેવા કે, ગામમાં માત્ર એક ટ્રેક્ટર માટી નાખવી હોય તો પણ પંચાયત પાસે તેનું ફંડ નહોતું રહેતું એ પરિસ્થિતિના અમે સાક્ષી છીએ. કોંગ્રેસના સમયમાં પંચાયતના ખાતે જો કંઈ લેવા જતા તો કોઈ ઉધાર પણ આપતું નહોતું. આજે એ જ પંચાયતના સરપંચો ૨૦૧૯માં શ્રી નરેન્દ્રભાઈની આ મજબૂત સરકારમાં ઊભા થઈને એવું બોલી શકે છે કે, અમારા ગામમાં અમારી પંચાયતમાં લાખો રૂપિયા આ શ્રી નરેન્દ્રભાઈની સરકારે મોકલ્યા છે. શ્રી નરેન્દ્ર મોદીના આ મજબૂત સરકારે સરપંચને આર્થિક અનુદાન સાથે તેનો ગામના વિકાસ માટે ઉપયોગ કરી શકે તેવા અધિકારો પણ આપ્યા છે.

કોંગ્રેસીઓ શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમની નીતિઓનો વિરોધ કરે છે. છેલ્લા પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના સક્ષમ નેતૃત્વમાં ગરીબો-પીડિતો-વંચિતો માટે અનેકવિધ જનકલ્યાણકારી તથા લોકપ્રિય પગલાઓ માટેનો સંકલ્પ સિધ્ધ થયો છે, પરંતુ એ વાત આ કોંગ્રેસને પચતી નથી.

કોંગ્રેસ ધ્યાનમાં રાખે કે, હજી અમારે આ જનનાયક શ્રી નરેન્દ્રભાઇ મોદીની છત્રછાયામાં એટલે કે તેમના સક્ષમ નેતૃત્વમાં બીજી આવી પાંચ ઈનિંગ રમવાની છે એટલે કે હજી તો ઘણા વર્ષો સુધી લોકસેવાના કાર્યો કરવાના છે.

શ્રી રૂપાલાજીએ વધુમાં જણાવ્યું હતું કે, આજદિન સુધી જેટલા ગામડાઓમાં એમની સભા થઈ ત્યાં સરપંચોને પૂછતાં જાણવા મળ્યું કે કેન્દ્ર સરકારના લાખો રૂપિયા સરપંચ અને ગામના વિકાસ માટે સીધા મળ્યા છે.

શ્રી રૂપાલાજીએ અનેકવિધ યોજનાઓ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકાસ કામોની વાતો કરવા બેસું તો એક અઠવાડીયા પણ ઓછું પડે. ભાજપા સરકાર દેશના લોકોના સુખ દુ:ખમાં ભાગીદાર કેવી રીતે બને છે, તેની વાત કરવી છે. વ્યક્તિને હાર્ટ એટેક આવે તો તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડે છે પરંતુ જ્યારે હોસ્પિટલનું બિલ આવે છે ત્યારે દર્દીની સાથે રહેલી વ્યક્તિને બિલ જોઇને એટેક આવી જાય છે. આની ચિંતા આજસુધીમાં કોઇપણ રાજકીય નેતાઓએ કરી નથી. શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતમાં હતાં ત્યારે આ અંગેની ચિંતા કરીને માં અમૃતમ કાર્ડ તથા માં વાત્સલ્ય કાર્ડ જેવી યોજનાઓ શરૂ કરી, જેમાં આવા ગંભીર પ્રકારના રોગોથી પિડાતા દર્દીઓને રૂપિયા ૩ લાખ સુધીની તેમજ તેઓ વડાપ્રધાન બન્યાં બાદ આયુષ્યમાન યોજના અંતર્ગત રૂપિયા ૫ લાખ સુધીની તબીબી સહાય આપવાનું નક્કી કર્યું છે. પહેલાં અકસ્માત થતો ત્યારે ઘાયલ વ્યક્તિને પોલીસ કાર્યવાહીને કારણે કોઇ હોસ્પિટલ લઇ જતું ન હતું, હવે ૧૦૮ની સેવા સૌને માટે દેવદૂત જેવી બની રહી છે. આ સેવા થકી અનેક દર્દીઓના જીવ બચાવવામાં સફળતા મેળવી છે.

આ પ્રસંગે જામનગર લોકસભા ભાજપા ઉમેદવાર શ્રીમતી પુનમબેન માડમ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, પૂર્વ સાંસદશ્રીઓ, જીલ્લા/તાલુકા ભાજપા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, વિવિધ સમાજના આગેવાનો, સ્થાનિક અગ્રણીઓ સહિત કાર્યકર્તાઓ અને વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા. ૧૯.૦૪.૨૦૧૯

-------------

**આ ચૂંટણી ભાજપા અને કોંગ્રેસ વચ્ચેની નથી, પરંતુ આ ચૂંટણી દેશ કોના હાથમાં સલામત, દેશને કોણ ઉજ્જવળ કરશે, આ દેશને ઈમાનદારીથી કોણ શાસન આપશે, આ દેશને મજબૂર નહીં પરંતુ મજબૂત નેતૃત્વ કોણ પુરૂ પાડશે તે માટેની છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-------------

**આ દેશમાં સંગ્રહાખોરો, કાળાનાણા ધરાવતા લોકો, કાળાબજારીયાઓ સામે આ દેશ નબળો ન પડે તે માટે પ્રધાનમંત્રીશ્રી સતત ચોકી કરી રહ્યાં છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-------------

**કોંગ્રેસ પાસે ચૂંટણી જીતવા માટેના કોઈ મુદા જ નથી એટલે કપિલ સિબ્બલ જેવા જુઠી પાર્ટીના જુઠા નેતા જુઠાણા ફેલાવીને દેશની પ્રજાને ગુમરાહ કરવાનું હિચકારું કૃત્ય કરી રહ્યાં છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-------------

**કોંગ્રેસે તેમના કુશાસન દરમ્યાન દેશને દેવાના બોજ હેઠળ દબાવી દીધો હતો. જ્યારે આપણાં લોકલાડીલા વડાપ્રધાને કોઈપણ જાતની લોન લીધા વગર અથાગ પરીશ્રમ અને પારદર્શી વહીવટના કારણે દેશને દેવામાંથી મુક્ત બનાવી દીધો છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-------------

**કોંગ્રેસના એક કાર્યકર્તાએ ભારત માતા કી જયનો નારો લગાવ્યો ત્યારે તે કાર્યકર્તાને રોકીને સોનીયા ગાંધીની જય બોલવવા માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અગ્રણીએ આગ્રહ કર્યો હતો. કોંગ્રેસની આ માનસિકતા જ બતાવે છે કે, તેઓ રાષ્ટ્રને નહીં પરંતુ એક જ પરિવારને વફાદાર છે. - શ્રી વિજયભાઈ રૂપાણી**

-------------

**કોંગ્રેસના ૬૦ વર્ષના શાસન દરમ્યાન તેઓને ગરીબો અને કિસાનો ક્યારેય યાદ આવ્યા નથી. ચૂંટણી ટાણે આ બધાના મસીહા બનીને કોંગ્રેસ જુઠા વાયદાઓ કરીને તેમને લોલીપોપ આપી રહી છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-------------

આજરોજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખેડા લોકસભા બેઠકના કપડવંજ ખાતે એક વિશાળ જનસભાને સંબોધતાં જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણી ભાજપાના ઉમેદવાર શ્રી દેવુંસિંહભાઈ અને કોંગ્રેસના ઉમેદવાર શ્રી બિમલભાઈ વચ્ચેની નથી કે ભાજપા અને કોંગ્રેસ વચ્ચેની નથી, પરંતુ આ ચૂંટણી દેશ કોના હાથમાં સલામત, દેશને કોણ ઉજ્જવળ કરશે, આ દેશને ઈમાનદારીથી કોણ શાસન આપશે, આ દેશને મજબૂર નહીં પરંતુ મજબૂત નેતૃત્વ કોણ પુરૂ પાડશે તે માટેની છે.

૨૦૧૪માં ગુજરાતના પનોતા પુત્ર એવા શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રથમવાર પૂર્ણ બહુમતી સાથે વડાપ્રધાન બન્યાં બાદ કહ્યું હતું કે, હું આ દેશનો પ્રધાનમંત્રી નહીં, પણ પ્રધાનસેવક છું. જેમ સીમા ઉપર સેના દેશની ચોકી કરે છે, તેવી રીતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દેશના ચોકીદાર બની, દિલ્હીની તિજોરી પર કોઈનો કાળો પંજો પડવા દીધો નથી. આ દેશમાં સંગ્રહાખોરો, કાળાનાણા ધરાવતા લોકો, કાળાબજારીયાઓ સામે આ દેશ નબળો ન પડે તે માટે પ્રધાનમંત્રીશ્રી સતત ચોકી કરી રહ્યાં છે.

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




હાલમાં સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને નોટીસ આપી છે કે, તમે સુપ્રીમ કોર્ટના નામે જુઠ્ઠાણા ફેલાવી રહ્યાં છો. સુપ્રીમ કોર્ટે ક્યારેય કહ્યું નથી કે શ્રી નરેન્દ્રભાઇ મોદી ચોર છે. કોંગ્રેસના લોકો જુઠનો સહારો લઇને પ્રજાને ભ્રમીત કરવા માટે નિકળી પડ્યાં છે. તેમાં સૌથી મોટો જુઠ્ઠો માણસ જો કોઇ હોય તો તે કપિલ સિબ્બલ છે. ત્રણ મહિના પહેલાં નોટબંધીના સંદર્ભમાં તેમણે દિલ્હીમાં એક ફેક વિડીયોને લઇને એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પત્રકારોએ ત્યારેજ કહ્યું હતું કે, આ ખોટો વિડીયો છે. આવી જ પ્રેસકોન્ફરન્સ આજે તેમણે અમદાવાદમાં કરી હતી, ત્યારે મીડીયા અને જનતાએ પણ તેને નકારી કાઢી છે. આ જ કપિલ સિબ્બલે વિદેશમાં જઇને ઇ.વી.એમ.ને લઇને એક જુઠી સ્ટોરી બનાવી હતી, એ સમયે કપિલ સિબ્બલ ત્યાં હાજર હતાં. આ ઇ.વી.એમ.ને લઇને બનાવવામાં આવેલી સ્ટોરી પણ જુઠી સાબીત થઇ હતી. કોંગ્રેસ પાસે ચૂંટણી જીતવા માટેના કોઇ મુદ્દા જ નથી એટલે કપિલ સિબ્બલ જેવા જુઠી પાર્ટીના જુઠા નેતા આવા જુઠાણા ફેલાવીને દેશની પ્રજાને ગુમરાહ કરવાનું હિચકારું કૃત્ય કરી રહ્યાં છે. પરંતુ દેશની જનતા હવે જાગૃત બની ગઇ છે, માટે કોંગ્રેસ પાર્ટી કે તેમના આવા જુઠા નેતાઓ ગમે તેટલાં જુઠાણા ફેલાવાનો પ્રયત્ન કરશે તો તેને સ્વિકારશે નહીં.

૨૦૧૪ પહેલાં રીમોટ કન્ટ્રોલથી ચાલતી સરકારના મૂક વડાપ્રધાનશ્રી મનમોહનસિંહ વખતે કૌભાંડોની હારમાળા સર્જી પાયમાલ કરી દીધો હતો અને ભારત વિશ્વમાં સૌથી વધુ ભ્રષ્ટ દેશ તરીકે બદનામ થઇ ગયો હતો. શ્રી નરેન્દ્રભાઇ મોદી ૨૦૧૪માં વડાપ્રધાન તરીકે સત્તારૂઢ થતાં દેશમાં એકપણ ભ્રષ્ટાચાર કે કૌભાંડ થયું નથી, તેથી વિદેશોમાં તેમના પાંચ વર્ષના શાસન દરમ્યાન ભારતની છબી સુધરી છે અને એક શક્તિશાળી દેશ તરીકે આપણો દેશ ઉભરી આવ્યો છે. કોંગ્રેસે તેમના કુશાસન દરમ્યાન દેશને દેવાના બોજ હેઠળ દબાવી દીધો હતો. જ્યારે આપણાં લોકલાડીલા વડાપ્રધાને કોઇપણ જાતની લોન લીધા વગર અથાગ પરીશ્રમ અને પારદર્શી વહીવટના કારણે દેશને દેવામાંથી મુક્ત બનાવી દીધો છે.

ભારતીય જનતા પાર્ટી દેશહિત સિવાય બીજો કોઇ વિચાર કરતી નથી. ભાજપાનો સામાન્ય કાર્યકર્તા પણ પોતાના અથાગ પરિશ્રમ, પાર્ટીની વિચારધારાને અનુરૂપ કાર્ય કરી વડાપ્રધાન, રાષ્ટ્રીય અધ્યક્ષ, પ્રદેશના મુખ્યમંત્રી કે પ્રદેશના અધ્યક્ષ તરીકે કાર્ય કરવાની પોતાની સમર્થતા સાબિત કરી શકે છે, જ્યારે કોંગ્રેસ પોતાના એક જ પરિવારને રાષ્ટ્રીય અધ્યક્ષ કે વડાપ્રધાન તરીકેની વારસાઇ જાળવી રાખવા માટે કાર્યરત હોય છે અને તેમના કાર્યકર્તાઓને પણ તે માટે મજબૂર કરે છે. આનું એક ઉદાહરણ આપું તો કોંગ્રેસના એક કાર્યકર્તાએ "ભારત માતા કી જય"નો નારો લગાવ્યો ત્યારે તે કાર્યકર્તાને રોકીને "સોનીયા ગાંધીની જય" બોલવવા માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અગ્રણીએ આગ્રહ કર્યો હતો. કોંગ્રેસની આ માનસિકતા જ બતાવે છે કે, તેઓ રાષ્ટ્રને નહીં પરંતુ એક જ પરિવારને વફાદાર છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૬૦ વર્ષ સુધી ભારતમાં વસતા મુસ્લિમ સમાજે કોંગ્રેસને ખોબે ખોબે મત આપી તેમના વફાદારી દર્શાવી છે પરંતુ કોંગ્રેસ દ્વારા ક્યારેય મુસ્લિમ સમાજનું ઉત્થાન કરવા માટેનું એક પણ કાર્ય કર્યું નથી. કોંગ્રેસે મુસ્લિમ સમાજનો માત્ર મતોના મશીન તરીકે ઉપયોગ કર્યો છે. કોંગ્રેસ આ પ્રકારની તૃષ્ટીકરણની રાજનીતી કરે છે, જ્યારે ભાજપાએ હજયાત્રીઓનો ક્વોટા વધારીને ૨ લાખ સુધીનો કર્યો છે, મુસ્લિમ મહિલાઓ માટે ત્રિપલ તલાકનો કાયદો લોકસભામાં પસાર કરાવીને મુસ્લિમ મહિલાઓને ન્યાય અપાવવાનું પવિત્ર કાર્ય કર્યું છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને આતંકવાદનો દેશમાંથી ખાત્મો બોલાવવા આપણી સેનાને ખુલ્લી છૂટ આપી દીધી છે. જ્યારે કોંગ્રેસે તેમના મેનીફેસ્ટોરમાં આતંકવાદને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર નહીં કરવાની અને સાથોસાથ આતંકવાદીઓ સામે સામી છાતીએ લડનારા આપણા વીર સપૂતો સામે સરકારની પરવાનગી વગર કાયદાકીય કાનુની કાર્યવાહી કરવાની વાત કરી, આ ઉપરાંત કાશ્મીરમાં ભારતનો ત્રીરંગો સળગાવનારા અને સેના ઉપર હુમલો કરનારા દેશદ્રોહીઓ ઉપર રાષ્ટ્રદ્રોહ હેઠળ કોઇપણ જાતની કાનુની કાર્યવાહી ન કરવાની વાત કરીને આતંકવાદને પ્રોત્સાહન આપવાનું હિન કૃત્ય કર્યું છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસના ૬૦ વર્ષના શાસન દરમ્યાન તેઓને ગરીબો અને કિસાનો ક્યારેય યાદ આવ્યા નથી. ચૂંટણી ટાણે આ બધાના મસીહા બનીને કોંગ્રેસ જુઠા વાયદાઓ કરીને તેમને લોલીપોપ આપી રહી છે. જ્યારે ભાજપા જે બોલે છે, તે કરીને બતાવે છે. ભાજપાની આયુષ્યમાન યોજના એ એકજ એવી યોજના છે કે, જેમાં ગરીબમાં ગરીબ માણસના સ્વાસ્થ્યની ચિંતા કરી તેમને તબીબી સારવાર માટે રૂ. ૫ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. ઘર વિહોણા લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પાકા મકાનો આપવામાં આવ્યા છે. મહિલાઓના સ્વાસ્થ્યની ચિંતા કરી ૧૩ કરોડ ગેસના સિલીન્ડરો ફાળવવામાં આવ્યા છે તે પૈકી ઉજ્વલા યોજના હેઠળ ૬ કરોડ ગેસના સિલીન્ડરો મફત ફાળવવામાં આવ્યાં છે. ઉજાલા યોજના હેઠળ રાહતદરે એલ.ઇ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવ્યું છે. કિસાનો તેઓના ખેતરોમાં સોલાર પેનાલ લગાવીને તેના દ્વારા ઉત્પન્ન થતી વિજળી સરકારને વેચીને આવક બમણી કરવાનો પ્રયત્ન આગામી પાંચ વર્ષમાં કરવામાં આવનાર છે. કિસાન સન્માન નીધી હેઠળ વાર્ષિક રૂ. ૬ હજાર સીધા તેમના ખાતામાં આપવાનું કાર્ય કરવામાં આવ્યું છે. આવી અનેક યોજનાઓ ભાજપા સરકારમાં અમલી કરવામાં આવેલ છે. આ તમામ યોજનાઓના લાભાર્થીઓને તેમને મળવાપાત્ર લાભ સીધા જ તેમના જનધન એકાઉન્ટ થકી ખાતામાં જમાં કરાવવામાં આવતા હોય, વચેટીયાઓની દુકાનો બંધ કરી દેવામાં આવી છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના સપૂત છે. તેમણે ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અવિરત વિકાસ કાર્યો હાથ ધરીને એક રોલ મોડલ તરીકે વિશ્વમાં ગુજરાતની ઓળખ ઉભી કરી છે. તેઓએ વડાપ્રધાન તરીકે સત્તારૂઢ થયા બાદ સૌ પ્રથમ માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમના દરવાજાની પરવાનગી આપવામાં આવી, ગુજરાતને પ્રથમ બુલેટ ટ્રેનની મંજૂરી આપી, દેશના લોહપુરૂષ તરીકે જાણીતા સરદાર સાહેબની સૌથી ઉંચી પ્રતિમાનું માં નર્મદાના કિનારે નિર્માણ કર્યું. ૧૦ હજાર કરોડની ક્રુડ રોયલ્ટીના બાકી પૈસા મંજૂર કરી ગુજરાતને આપી દીધા. સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટને ઇન્ટરનેશનલ એરપોર્ટ આપ્યું. ગુજરાતમાં ૫૦૫ જેટલા પાસપોર્ટ કેન્દ્રો આપ્યાં. રાજકોટને એઇમ્સ હોસ્પિટલ આપી. નેશનલ હાઇવે માટે ૧૬ હજાર કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, વડોદરામાં રેલ્વે યુનિવર્સિટીની મંજૂરી આપી. આમ, એક ગુજરાતી તરીકે લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના વિકાસની સાથોસાથ ગુજરાતના પણ અવિતરત વિકાસ કાર્યો હાથ ધરી ગુજરાતની ચિંતા કરી ગુજરાતને આગળ વધારવાનું કાર્ય કર્યું છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ અંતમાં જણાવ્યું હતું કે, ભારત માતાને જગત જનની બનાવવા માટે આપણે શ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરીથી વડાપ્રધાન બનાવવા માટે દેવુસિંહભાઇને જંગી બહુમતીથી વિજયી બનાવી તેમને દિલ્હી મોકલવા માટે કમળના નિશાનનું બટન દબાવીને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીની આ જનસભામાં ખેડા લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી દેવુસિંહ ચૌહાણ, લોકસભા બેઠકના પ્રભારીશ્રી, ઇન્ચાર્જશ્રી, ધારાસભ્યશ્રી, પૂર્વ ધારાસભ્યશ્રી, જીલ્લા/તાલુકા સંગઠનના પદાધિકારીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તા ભાઇઓ અને બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૮ તા. ૧૯.૦૪.૨૦૧૯

-------------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૨૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ગુજરાતનાં **મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય નેતાશ્રી વિનયજી કટીયાર, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી, મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા, મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદશ્રી શંભુપ્રસાદ ટુંડીયાજી, સાંસદશ્રી પરેશ રાવલ, પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઇ પંડ્યા, અભિનેતાશ્રી મનોજ જોષી, ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયા, પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયા, ગુજરાતી અભિનેતાશ્રી જનક ઠક્કર, ગુજરાતી અભિનેત્રીશ્રી પ્રાંજલબેન ભટ્ટનો** ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯<br>શનિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | **પોરબંદર લોકસભા** – કુતિયાણા વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: માલગામ પાટીયા, તા. કુતિયાણા |
| | સાંજે ૦૭.૦૦ કલાકે | **સુરેન્દ્રનગર લોકસભા** – વઢવાણ વિધાનસભા – સમ્મેલન<br>સ્થળ – શક્તિ મંદીર, દાળમીલ, દયામલ સ્કુલ નજીક, સુરેન્દ્રનગર |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **સુરેન્દ્રનગર લોકસભા** – વઢવાણ વિધાનસભા – સમ્મેલન<br>સ્થળ – જીન મેદાન, કોન્ની વાડી પાછળ, જિંતાન રોડ, સુરેન્દ્રનગર |

## માન. અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯<br>શનિવાર | સવારે ૦૯.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા** – ભાવનગર વિધાનસભા – લોકસંપર્ક સ્થળ: ભાવનગર |
| | સાંજે ૦૪.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા** – મહુવા વિધાનસભા – ગ્રુપ મીટીંગ સ્થળ: મહુવા |
| | સાંજે ૦૫.૩૦ કલાકે | **ભાવનગર લોકસભા** – ગારીયાધાર વિધાનસભા – ગ્રુપ મીટીંગ સ્થળ: ગારીયાધાર |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા** – ભાવનગર પશ્ચિમ વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: ઈશ્વાનગર, ભાવનગર |
| | રાત્રે ૦૮.૪૦ કલાકે | **ભાવનગર લોકસભા** – ભાવનગર વિધાનસભા – જાહેરસભા સ્થળ: નારી ગામ |

## કેન્દ્રીય નેતાશ્રી વિનયજી કટીયારનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯<br>શનિવાર | સાંજે ૦૫.૦૦ કલાકે | **સાબરકાંઠા લોકસભા** – ભીલોડા વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: મૂટ્રણેશ્વર ચોક, ભીલોડા |
| | સાંજે ૦૭.૦૦ કલાકે | **સાબરકાંઠા લોકસભા** – મોડાસા વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: કલ્યાણચોક, મોડાસા |
| | રાત્રે ૦૮.૪૫ કલાકે | **સાબરકાંઠા લોકસભા** – મોડાસા વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: જવાહર ચોક, ધનસુરા |

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



## કેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **બનાસકાંઠા લોકસભા** – થરાદ વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – આંજણા પટેલ બોર્ડીંગ, થરાદ |
| | બપોરે ૦૨.૦૦ કલાકે | **દીવ-દમણ લોકસભા** – જાહેરસભા<br>સ્થળ – અઝારો હોટેલ હૉલ, દીવ |
| | સાંજે ૦૬.૩૦ કલાકે | **પોરબંદર લોકસભા** – ગોંડલ વિધાનસભા – ગ્રુપ મીટીંગ<br>સ્થળ: ચોયડી દરવાજા ચોક, ખાદી ભવન પાસે, ગોંડલ |
| | સાંજે ૦૭.૪૫ કલાકે | **પોરબંદર લોકસભા** – જેતપુર વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ – જીમખાના ચોક, જેતપુર |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **પોરબંદર લોકસભા** – ધોરાજી વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: આઝાદ ચોક, ધોરાજી |

## મંત્રીશ્રી કુંવારજીભાઇ બાવળીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | બપોરે ૦૩.૦૦ કલાકે | કચ્છ લોકસભા – રાપર વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: ઠાકોર સમાજ વાડી, અયોધ્યાપૂરી, રાપર |

## મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સાંજે ૦૬.૦૦ કલાકે | **આણંદ લોકસભા** – સોજીત્રા વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: ખખસર, તારાપુર |

## સાંસદશ્રી શંભુપ્રશાદ ટુંડીયાજીનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | **જુનાગઢ લોકસભા** – ઉના વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: રૂદ્રાક્ષ પાર્ટી પ્લોટ, ઉના |
| | બપોરે ૦૩.૦૦ કલાકે | **જુનાગઢ લોકસભા** – વિસાવદર વિધાનસભા – જાહેરસભા સ્થળ: બિલખા ગામ |

## સાંસદશ્રી પરેશ રાવલનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | બપોરી ૧૨.૦૦ કલાકે | **પંચમહાલ લોકસભા** – શહેરા વિધાનસભા – જાહેરસભા સ્થળ: શહેરા |
| | સાંજે ૦૪.૪૫ કલાકે | **ખેડા લોકસભા** – દસક્રોઇ વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: કુમકુમ હૉલ, હીરાપુર ચોકડી |
| | રાત્રે ૦૮.૦૦ કલાકે | **બારડોલી લોકસભા** – કામરેજ વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: કિરણ ચોક, યોગીચોકથી કારગીલ ચોક રોડ, મહાલક્ષ્મી સોસાયટી પાસે, પુના |
| | રાત્રે ૦૯.૧૫ કલાકે | **સુરત લોકસભા** – સુરત પૂર્વ વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: પીપરાડી શેરી, સલાબતપરા, સુરત |

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




## પ્રદેશ પ્રવકતાશ્રી ભરતભાઈ પંડ્યાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૦૯.૦૦ કલાકે | **છોટા ઉદેપુર લોકસભા** - ડભોઈ વિધાનસભા – ગ્રુપ મીટીંગ |
| | સવારે ૧૦.૩૦ કલાકે | **છોટા ઉદેપુર લોકસભા** - પાદરા વિધાનસભા – ગ્રુપ મીટીંગ |
| | સવારે ૧૧.૩૦ કલાકે | **વડોદરા લોકસભા** – વાઘોડીયા વિધાનસભા – ગ્રુપ મીટીંગ |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | **મહેસાણા લોકસભા** – ઊંઝા વિધાનસભા – જાહેરસભા |

## અભિનેતાશ્રી મનોજ જોષીનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૧૦.૩૦ કલાકે | **સુરેન્દ્રનગર લોકસભા** – પાટડી વિધાનસભા – રોડ શો સ્થળ: પાટડી |
| | સાંજે ૦૫.૧૫ કલાકે | **રાજકોટ લોકસભા** – રાજકોટ વિધાનસભા – કાર્યકર્તા સમ્મેલન<br>સ્થળ: પારિજાત પાર્ટી પ્લોટ, ૧૫૦ફૂટ રીંગ રોડ, રાજકોટ |
| | સાંજે ૦૬.૩૦ કલાકે | **રાજકોટ લોકસભા** – રાજકોટ વિધાનસભા – કાર્યકર્તા સમ્મેલન<br>સ્થળ: રંભાબાની વાડી, પારિજાત પાછળ, ૧૫૦ફૂટ રીંગ રોડ, રાજકોટ |
| | સાંજે ૦૭.૪૫ કલાકે | **રાજકોટ લોકસભા** – રાજકોટ વિધાનસભા – કાર્યકર્તા સમ્મેલન<br>સ્થળ: આત્મીય કોલેજ, કાલાવાડ રોડ, રાજકોટ |

## ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૦૯.૩૦ કલાકે | **ગાંધીનગર લોકસભા** – કલોલ વિધાનસભા – રોડ શો સ્થળ: કલોલ |
| | સાંજે ૦૪.૦૦ કલાકે | **સાબરકાંઠા લોકસભા** – ઈડર વિધાનસભા – રોડ શો સ્થળ: ઈડર |

## પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | **વડોદરા લોકસભા** – સાવલી વિધાનસભા – જાહેરસભા સ્થળ: દેસર |
| | સાંજે ૦૬.૧૫ કલાકે | **પંચમહાલ લોકસભા** – ઠાસરા વિધાનસભા – જાહેરસભા સ્થળ: કંથરાઈ ગામ |
| | રાત્રે ૦૭.૪૫ કલાકે | **પંચમહાલ લોકસભા** – ઠાસરા વિધાનસભા – જાહેરસભા સ્થળ: આંગડી ગામ |

## ગુજરાતી અભિનેતાશ્રી જનક ઠક્કરનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૦૯.૩૦ કલાકે | **પાટણ લોકસભા** – પાટણ વિધાનસભા – રોડ શો સ્થળ: પાટણ |

## ગુજરાતી અભીનેત્રીશ્રી પ્રાંજલબેન ભટ્ટનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૦.૦૪.૨૦૧૯ શનિવાર | સવારે ૧૦.૧૫ કલાકે | **પાટણ લોકસભા** – પાટણ વિધાનસભા – રોડ શો સ્થળ: પાટણ |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ